EDII

Divya Bhaskar

May 28, 2016
Page No. 7

# EDIIમાં સમર કેમ્પનું સમાપન

એજ્યુકેશન રીપોર્ટર. અમદાવાદ

ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન(ઇડીઆઇઆઇ) ગાંધીનગર દ્વારા 12 થી 16 વર્ષના બાળકોમાં રહેલી છૂપી શક્તિઓને ખીલવવા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ. 27મી મેના રોજ આ સમર કેમ્પનો સમાપન સમારોહ યોજાયો. જેમા આઈઆઈએમ-એના પ્રો. અનિલ ગુપ્તા મુખ્ય અતિથિ બન્યા હતા. પ્રો. અનિલ ગુપ્તાએ જણાવ્યુ કે, બાળકોમાં સંશોધનો થકી સમસ્યાઓનું સમાધાન શોધવાની અખૂટ શક્તિ રહેલી છે. મારી પેઢીએ ઘણી સમસ્યાઓને દૂર કરવાનો પ્રયત્ન નથી કર્યો. હવે સંવેદનશીલ બાળકો નવીન ઉકેલ શોધે તેવી આવશ્યકતાઓ છે.

ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડૉ. સુનીલ શુક્લાએ જણાવ્યું કે, બાળકોમાં ઉદ્યોગસાહસિકતા, સર્જનાત્મકતા, કોન્ફલિક્ટ મેનેજમેન્ટ, અસરકારક કમ્યુનીકેશન અને ટીમ વર્ક જેવા ગુણો આવા સમર કેમ્પના માધ્યમોથી ખીલતા હોય છે.